ચિત્રકાર હાથી

સાશી

ગુજરાતી: મમતા






ચિત્રકાર હાથી

સાશી ગુજરાતીઃ મમતા






પ્રાણીઓની ચિત્રકલા ક્લબના બધાં સભ્યો ખૂબ ઉત્સાહમાં હતાં. તેમના ચિત્રોનું પ્રદર્શન લાગવાનું હતું. તેથી સહુ ચિત્રો બનાવવામાં વ્યસ્ત હતાં—સિવાય કે હાથી. હાથીનું સપનું હતું કે તે પ્રદર્શન માટે કંઇક ખાસ ચિત્ર બનાવે. પણ તેવું બનાવવા તે પોતાને અસમર્થ માનતો હતો. તેની સામે કોરું કેનવાસ હતું. હાથી તેની સામે જોઈ રહ્યો હતો.





હાથીએ એક ફૂલોની કલગીનું ચિત્ર બનાવ્યું.

પછી તેણે એક મિત્રનું ચિત્ર બનાવ્યું.



પછી તેણે એક અમૂર્ત ચિત્ર બનાવ્યું.



પણ તેને એક પણ ચિત્ર પસંદ ન આવ્યું.

‘મારા મગજમાં તો ચિત્રકારનો બ્લોક આવી ગયો છે.’

નિસાસો નાખતા હાથી કહે.



“તમે બહાર જઈને લેન્ડસ્કેપનું ચિત્ર કરો ને ?” મિસ હિપ્પોએ ચા પીતા પીતા હાથીને સલાહ આપી.


“આ બહુ સરસ વિચાર છે.” સિંહ કહે. “લેન્ડસ્કેપ આત્મ-ચિત્ર જેટલું સરસ થઇ શકે.”

સિંહ પોતે એક કુશળ ચિત્રકાર હતો.

“તમારી સલાહ મને ગમી,” હાથી કહે. “હું તેનો અમલ કરીશ”.




બીજે દિવસે વહેલાં ઊઠીને હાથી શહેરની બહાર નીકળી ગામ તરફ ચાલ્યો.



થોડું ચાલ્યા પછી તેને એક
સરસ દ્રશ્ય દેખાયું.
એક વિશાળ ઝાડ હતું જે
લીલાં ઝાડોથી ઘેરાયેલું હતું.



હાથી કહે “હું આનું એક સુંદર લેન્ડસ્કેપ
ચિત્ર બનાવીશ.”
તેણે તરત ચિત્ર બનાવવાનું પાટિયું ત્યાં
ગોઠવ્યું.



આખી સવાર હાથીએ કામ કર્યું. બપોર સુધીમાં હાથીએ તે ઝાડ અને તેનો પાછળનો ભાગ દોર્યો.

થોડી અનિશ્ચિતતા સાથે તે કહે "ચાલો શરૂઆત તો સારી થઇ છે. જમ્યા પછી હું આનાથી પણ સારું કામ કરીશ."





હાથી પોતાની સાથે એક મોટું ટિફિન લાવ્યો હતો.
‘કોઈ હાથી એકલી કળાને બળ થોડું જીવી શકે?’ તેણે મનમાં કહ્યું. પછી ભૂખ્યા હાથીએ પેટ ભરીને ભોજન કર્યું.

જમીને હાથીને ઊંઘ આવી. તેને થયું ‘ચાલને થોડો આરામ કરી લઉં.’ થોડી વારમાં તો તેનાં નસકોરાં બોલવા લાગ્યાં!





ત્યાં એક ઘેટું આવ્યું. ખેતરની વચ્ચે ઊભા પાટિયા ઉપર એક ચિત્ર જોયું.

“અરે ચિત્ર છે. કેવું મનોરંજક છે!”

ઘેટું ઝીણવટથી ચિત્ર જોઈ રહ્યું હતું. તેને લાગ્યું, “આમાં કંઇક બરાબર નથી.”

“હવે સમજણ પડી. આમાં જે ઘાસ છે તે બિલકુલ નિસસ્વાદ છે.”




ઘેટાંએ પીંછી લીધી અને
ઘાસને સ્વાદિષ્ટ લીલા રંગનું
બનાવી દીધું.



ત્યાં એક ખિસકોલી આવી અને ચિત્ર જોઇને ઊભી રહી.
"અરે એક ચિત્ર" તે કહે. અને તે ખૂબ રસથી ચિત્ર જોવા લાગી.
"આમાં એક પણ ફળ નથી."

ખિસકોલીએ પીંછી લીધી અને ઝાડ ઉપર ફળ દોર્યા.
ત્યાં એક પક્ષી ઊડતું આવ્યું અને તેણે ચિત્ર જોયું.





તે કહે “મને તો લાગે છે કે આ ચિત્ર બહુ નિરાશાજનક છે.”
“આવા ઝાંખા અને સૂના આકાશમાં કોઈ પક્ષી કેમનું ઊડી શકે?”
પક્ષીએ તેની ચાંચમાં પીંછી લીધી અને આકાશને તેજસ્વી ભૂરું રંગી દીધું.





પછી એક જંગલી સૂવર ફરતું ફરતું ત્યાંથી નીકળ્યું. તેણે ઘોડી ઉપર લાગેલું ચિત્ર જોયું. નજીક આવીને તે ધ્યાનથી જોવા લાગ્યો.

“ભાઈ આવું ચિત્ર ન ચાલે. આમાં ઝાડી જ નથી. મારે આરામ ક્યાં કરવો? ચિત્રકાર બનાવતા ભૂલી ગયો લાગે છે.”

તેણે પીંછીથી ઘાટ્ટા લીલા રંગની ઝાડી બનાવી.





પછી મધમાખીઓનું એક ઝુંડ ઊડતું-ગણગણતું આવ્યું.

“ગણ ગણ ગણ ગણ. અરે આમાં એક પણ ફૂલ નથી! એ તો નક્કામું!”

મધમાખીઓએ પીંછી લીધી અને ચિત્રમાં ફૂલો ભરી દીધા.





હવે આ ચિત્ર પહેલાં કરતાં સારું લાગતું હતું. પ્રાણીઓ, પક્ષી અને મધમાખી ચિત્રનાં વખાણ કરતાં હતાં ત્યાં એક વરુ આવી પહોંચ્યું. તેણે ઝીણવટથી ચિત્ર જોયું પણ કશું બોલ્યો નહિ.



"જૂઓ" આખરે તે બોલ્યો, "તમે કર્યું છે તે બહુ સારું છે, પણ આને વધારે સરસ બનાવી શકાશે. તમે બધાં સામે ઝાડ પાસે ઊભા રહી જાઓ અને એકદમ શાંત રહેજો. આને બહુ વાર નહિ લાગે." વરુએ પીંછી લીધી અને તે ચિતરવા લાગ્યો.





તેણે પૂરું કર્યું પછી બધાં પ્રાણીઓ ચિત્ર જોવા ભેગા થયાં. હવે તે જોઇને તેમને ખૂબ આશ્ચર્ય થયો. વારાફરથી બધાં વખાણ કરવા લાગ્યા.

"ખૂબ સુંદર."

"આલિશાન!"

"શ્રીમાન વરુ તમે તો કમાલ કરી!"

"ગણ ગણ ગણ...જીનિયસ!"

અને પછી બધાં પોત પોતાને ઘેર ચાલ્યા ગયા.

થોડી વાર પછી હાથી આળસ મરડતો ઊઠ્યો.

“મને કેવું વિચિત્ર સપનું આવ્યું,” તે કહે. “ચિત્ર કેટલું સુંદર લાગે છે....

હવે આગળ શું કરવું મને ખબર પડી ગઈ.”



અને પછી હાથીભાઈએ સામાન ભેગો કર્યો અને ઘેર
જવા પાછા ફર્યા.



ચિત્રનાં પ્રદર્શનમાં હાથીનાં ચિત્રનો પહેલો નમ્બર આવ્યો.
આખા શહેરમાં તેની વાહ વાહ થઇ.




“ખૂબ સુંદર.”

“આલિશાન!”

“હાથીએ તો કમાલ કરી!”

“એ તો એકદમ જીનિયસ છે!”





હાથીનું સપનું પૂરું થયું!



હાથીનું સપનું હતું કે એ એક અજોડ ચિત્ર બનાવે.
પણ તે જે પણ બનાવતો તેનો તેને સંતોષ ન હતો.
બોલો આ સમસ્યાનો ઉકેલ તે કેવી રીતે લાવે?

